**એમ-ચેટ**

તમારું બાળક **સામાન્ય રીતે** કેવું છે એને લગતા આ સવાલોના જવાબો આપો. પ્રત્યેક સવાલનો જવાબ આપવા કોશિશ કરો. વર્તન ભાગ્યે જ જોવા મળતું હોય (જેમ કે, તમે એવું એકાદ-બે વાર જ જોયું હોય) તો જવાબમાં ના લખવું.

| | | |
|---|---|---|
| ૧) તમારા બાળકને હાથમાં ઝુલાવો, ગોઠણ પર ઉછાળો એ તેને ગમે છે? | હા | ના |
| ૨) તમારું બાળક બીજાં બાળકોમાં રસ લે છે? | હા | ના |
| ૩) તમારા બાળકને પગથિયાં વગેરે જેવી વસ્તુઓ પર ચડવું ગમે છે? | હા | ના |
| ૪) તમારા બાળકને સંતાકૂકડી જેવી રમતો ગમે ખરી? | હા | ના |
| ૫) તમારું બાળક ફોન પર વાત કરવી કે ઢીંગલીની સંભાળ લેવી વગેરે જેવી ચેષ્ટાઓ એકલું એકલું કરે છે? | હા | ના |
| ૬) તમારું બાળક ક્યારેય કોઈ વસ્તુ માગવા માટે પહેલી આંગળી વડે ચીંધીને દેખાડે છે? | હા | ના |
| ૭) તમારું બાળક ક્યારેય કોઈ વસ્તુમાં રસ પડ્યો હોવાનું પહેલી આંગળી ચીંધીને દર્શાવે છે? | હા | ના |
| ૮) તમારું બાળક નાનાં રમકડાં (જેમ કે, કાર કે બ્રીક્સ)ને ફક્ત મોંમાં નાખ્યા વિના, આમતેમ ફેરવ્યા વિના, પાડ્યા વિના સારી રીતે તેનાથી રમી શકે છે? | હા | ના |
| ૯) તમારું બાળક કંઈક દેખાડવા માટે વસ્તુ લઈને તમારી પાસે આવે છે? | હા | ના |
| ૧૦) તમારું બાળક એક-બે સેકન્ડથી લાંબા સમય સુધી તમારી આંખોમાં જુએ છે? | હા | ના |
| ૧૧) તમારું બાળક અવાજ પ્રત્યે વધારેપડતું સેન્સિટીવ હોય એવું તમને લાગ્યું છે? (જેમ કે, કાનમાં પ્લગ ભરાવવા પડે) | હા | ના |
| ૧૨) તમારા ચહેરા કે સ્મિતના પ્રતિભાવમાં તમારું બાળક સ્માઈલ આપે છે? | હા | ના |
| ૧૩) બાળક તમારા ચાળા પાડે છે (તમારા ચહેરાના હાવભાવનું પ્રતિબિંબ પાડે છે)? | હા | ના |
| ૧૪) તમારા બાળકને નામ લઈને બોલાવો ત્યારે એ રિસ્પોન્સ આપે છે? | હા | ના |
| ૧૫) કમરામાં સામે છેડે પડેલું રમકડું ચીંધો ત્યારે તમારું બાળક એ તરફ જુએ છે? | હા | ના |
| ૧૬) તમારું બાળક ચાલે છે? | હા | ના |
| ૧૭) તમે જે વસ્તુને જોઈ રહ્યા હોવ એ તરફ તમારું બાળક જુએ છે? | હા | ના |
| ૧૮) તમારું બાળક પોતાના ચહેરા નજીક આંગળીઓ અસાધારણ રીતે હલાવે છે? | હા | ના |
| ૧૯) તમારું બાળક પોતાની પ્રવૃત્તિ દ્વારા તમારું ધ્યાન ખેંચવાની કોશિશ કરે છે? | હા | ના |
| ૨૦) તમારું બાળક બહેરું હોય એવું તમને લાગ્યું છે ખરું? | હા | ના |
| ૨૧) લોકો શું કહે છે એ વાત તમારું બાળક સમજી શકે છે ખરું? | હા | ના |
| ૨૨) તમારું બાળક ક્યારેક હવામાં તાકી રહે છે કે શુન્યમનસ્ક બની જાય છે? | હા | ના |
| ૨૩) કશીક અજાણી ચીજ સામનો કરવાનો આવે ત્યારે તમારું બાળક એ ચીજ પ્રત્યે તમારી પ્રતિક્રિયા જાણવા તમારી સામે જુએ છે? | હા | ના |

© ડાયના રોબિન્સ, ડેબોરા ફૈન તથા મેરિયન બૅર્ટન

સંપર્ક કરો: રોબિન્સ ડી., ફૈન ડી., બૅર્ટન એમ. તથા ગ્રીન જે. (૨૦૦૧). ધ મોડિફાઈડ ચેકલિસ્ટ ફોર ઓટિઝમ ઈન ટોડલર્સઃ એન ઈનિશિયલ સ્ટડી ઈન્વેસ્ટિગેટિંગ ધ અર્લી ડિટેક્શન ઓફ ઓટિઝમ એન્ડ પર્વેઝિવ ડેવલપમેન્ટલ ડિઝોર્ડર્સ. જર્નલ ઓફ ઓટિઝમ એન્ડ ડેવલપમેન્ટલ ડિઝોર્ડર્સ. ૩૧ (૨), ૧૩૧-૧૪૪.